IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# સ્વામી વિવેકાનંદ અને શિકાગો વિશ્વ ધર્મપરિષદ – પ્રેરણારૂપી વક્તવ્ય

Hiteshkumar Jayantilal Parmar

Student of Master of Arts History ,

Hemchandracharya North Gujarat University , Khedbrahma, India

*Abstract:* **'ઊઠો, જાગો અને અટક્યા વિના ધ્યેયને પ્રાપ્ત કરો.' આવું પ્રેરણાદાયક સૂત્ર દેશના યુવાધનને આપનાર સ્વામી વિવેકાનંદ આધુનિક ભારતમાં હિન્દુ ધર્મના પુનરોદ્ધારના વિવેકાનંદને મુખ્ય પરિબળ ગણવામાં આવ્યા છે. તેમણે દેશના યુવાનોને ધ્યેય પ્રાપ્તિ માટે સતત મહેનત કરતા રહેવાની પ્રેરણા આપી છે, સાથે સાથે ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ માન્યતા આપાવવાનો શ્રેય પણ સ્વામી વિવેકાનંદના ભાગે જાય છે. વિવેકાનંદ જ્યારે સૌપ્રથમવાર અમેરિકા પ્રવચન આપવા ગયા હતા, ત્યાં તેમણે પ્રવચન સાંભળવા આવેલા તમામ લોકોને અમેરિકાના ભાઇઓ તથા બહેનો કહીને સંબોધ્યા હતાં, વિવેકાનંદનું આ સંબોધન ત્યાંના લોકોને ખૂબ ગમ્યું હતું, અને આમ તેઓ પોતાના વિચારોની સાથે સાથે પોતાની ભાષાના કારણે પણ પ્રચલિત બની ગયાં હતાં. તેમણે આપેલું સૂત્ર 'ઊઠો, જાગો અને અટક્યા વિના ધ્યેયને પ્રાપ્ત થાય ત્યાં સુધી પુરુષાર્થ કરતા રહો', ને તેમણે પણ પોતાના વાણી-વર્તનથી ચરિતાર્થ કરી બતાવ્યું હતુ. આ પેપરમાં સ્વામી વિવેકાનંદે શિકાગોમાં આયોજાયેલ ધર્મ પરિષદમાં કેવા પ્રકારની વિચારધારાઓ રજૂ કરી ભારત દેશનું નામ સમગ્ર વિશ્વમાં ઉજ્જવળ કર્યું હતું તે વિશેનો લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છે.**

*Index Terms* – ***સ્વામી વિવેકાનંદ, શિકાગો, વિશ્વ ધર્મ પરિષદ, હિંદુ ધર્મ***

## I. INTRODUCTION

### સ્વામી વિવેકાનંદ વિશે :

કોલકાતામાં ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ નરેન્દ્રનાથ દત્તનો જન્મ થયો. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી. બાળપણથી જ નરેન્દ્રની સ્મરણશક્તિ તેજ હતી. કોઇ ગ્રંથ તેમને બીજી વાર વાંચવો પડતો નહીં. નરેન્દ્ર અઢાર વર્ષના હતા ત્યારે રામકૃષ્ણ દેવના પહેલીવાર દર્શન થયાં. નરેન્દ્રનો અવાજ સરસ હતો. તેમણે એક સુંદર ભજન ગાયું. અચાનક રામકૃષ્ણ તેમનો હાથ પકડીને બીજા ઓરડામાં લઇ ગયા અને કહ્યું, 'નરેન્દ્ર, તું અત્યાર સુધી કયાં હતો?' નરેન્દ્રને થયું કે આ કોઇ પાગલ માણસ લાગે છે, પણ પછી થયું કે કંઇક તો છે. એ પછી એક પ્રસંગમાં રામકૃષ્ણ પરમહંસે કહ્યું, 'હા, મેં ઇશ્વરને જોયો છે.' એ વાતને લગભગ મહિનો વીતી ગયો. નરેન્દ્ર ફરી દક્ષિણેશ્વર ગયા. નરેન્દ્રને અનોખી અનુભૂતિ થઇ. આધ્યાત્મિક્તા અને ઈશ્વરના સાક્ષાત્કાર માટે એમનો લગાવ વધ્યો. ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે તેવી વ્યક્તિની શોધમાં જ તેઓ રામકૃષ્ણને મળ્યા અને તેમના શિષ્ય બન્યા. ગુરુના અવસાન બાદ તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યું અને ભારતની સ્થિતિ જાણી. તેઓ સ્વામી વિવેકાનંદ તરીકે જાણીતા થયા. ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહી વિશ્વના ધર્મધુરંધરોને પોતાના પ્રવચનથી પ્રભાવિત કર્યા.

### શિકાગોની વિશ્વ ધર્મ પરિષદ :

કોલકાતામાં 1863ની 12 જાન્યુઆરીએ જન્મેલા નરેન્દ્રનાથ, તા. ચોથી જુલાઇ 1902ના દિવસે મૃત્યુ પામ્યા. પરંતુ આ દરમિયાન તેઓ સ્વામી વિવેકાનંદના નામે વિખ્યાત થયા હતા.

સ્વામી વિવેકાનંદની વાત થાય ત્યારે તેમણે અમેરિકાના શિકાગોની ધર્મ સંસદમાં **1893**માં **11**મી સપ્ટેમ્બરે આપેલાં પ્રવચનની ચર્ચા જરૂર થાય છે. એ પ્રવચને સમગ્ર દુનિયા સામે ભારતને મજબૂત ઇમેજ સાથે રજૂ કર્યું હતું, પણ એ પ્રવચનમાં સ્વામીજીએ શું કહ્યું હતું એ બહુ ઓછા લોકો જણાવી

શકે છે.

- અમેરિકન ભાઈઓ અને બહેનો, તમે જે સ્નેહ સાથે મારું સ્વાગત કર્યું છે તેનાથી હું ગદગદ થઈ ગયો છું.
- હું દુનિયાની સૌથી જૂની સંત પરંપરા અને તમામ ધર્મોની જનેતા તરફથી આપને ધન્યવાદ આપું છું.
- તમામ જ્ઞાતિઓ અને સંપ્રદાયોના લાખો-કરોડો હિંદુઓ તરફથી આપનો આભાર માનું છું.
- વિશ્વમાં સહિષ્ણુતાનો વિચાર પૂર્વના દેશોમાંથી ફેલાયો હોવાનું આ મંચ પર અગાઉના જે વક્તાઓએ જાહેર કર્યું હતું તેમનો પણ આભાર માનું છું.
- મને એ વાતનો ગર્વ છે કે હું એ ધર્મને અનુસરું છું, જેણે વિશ્વને સહિષ્ણુતા અને સાર્વભૌમિક સ્વીકૃતિનું જ્ઞાન આપ્યું છે.
- અમે માત્ર સાર્વભૌમિક સહિષ્ણુતામાં જ વિશ્વાસ નથી રાખતા, અમે તમામ ધર્મોનો સત્યના સ્વરૂપમાં સ્વીકાર કરીએ છીએ.

• મને ગર્વ છે કે હું એ દેશમાંથી આવું છું, જે દેશે તમામ ધર્મો અને દેશો દ્વારા હેરાન કરવામાં આવેલા લોકોને શરણ આપ્યું છે.

• મને ગર્વ છે કે અમે અમારાં હૃદયમાં ઇઝરાયલની એ પવિત્ર સ્મૃતિને જાળવી રાખી છે, જેમાં તેમનાં ધર્મસ્થળોને રોમન હુમલાખોરોએ લગભગ નષ્ટ કરી નાખ્યાં હતાં. પછી તેમણે દક્ષિણ ભારતમાં આશ્રય લીધો હતો.

• મને ગર્વ છે કે હું એક એવા ધર્મને અનુસરું છું, જેણે પારસી ધર્મના લોકોને આશ્રય આપ્યો છે અને તેની સતત મદદ કરી રહ્યો છે.

• હું આ પ્રસંગે એક શ્લોક સંભળાવવા ઇચ્છું છું. આ શ્લોકનું પઠન હું બાળપણથી કરતો રહ્યો છું અને રોજ કરોડો લોકો તેનું પઠન કરે છે. એ શ્લોક આ મુજબ છેઃ "જે રીતે અલગ-અલગ સ્થળોએથી નિકળેલી નદીઓ અલગ-અલગ માર્ગોથી આગળ વધીને આખરે સમુદ્રમાં ભળી જાય છે તેવી જ રીતે મનુષ્ય પોતાની ઇચ્છાથી અલગ-અલગ માર્ગ પસંદ કરે છે"

"એ માર્ગો ભલે અલગ-અલગ દેખાય, પણ બધા રસ્તા આખરે તો ઈશ્વર ભણી જ જાય છે."

• આજનું સંમેલન અત્યાર સુધીની સૌથી પવિત્ર સભાઓ પૈકીનું એક છે. આ સંમેલન ગીતામાં આપવામાં આવેલા એક ઉપદેશ મુજબનું છે. ગીતામાં એવો ઉપદેશ આપવામાં આવ્યો છે કે "જે વ્યક્તિ મારા સુધી આવે છે, એ ભલે ગમે તેવી હોય, પણ હું તેમના સુધી પહોંચું છું." "લોકો અલગ-અલગ માર્ગો પસંદ કરે છે, મુશ્કેલીઓનો સામનો કરે છે, પણ આખરે મારા સુધી પહોંચે છે."
• સાંપ્રદાયિકતા, કટ્ટરતા અને તેના ભયાનક વંશજોની ધાર્મિક હઠે આ સુંદર ધરતીને લાંબા સમયથી જકડી રાખી છે. તેમણે આ વિશ્વમાં પારાવાર હિંસા ફેલાવી છે અને અનેક વખત આ ધરતી લોહીથી લાલ થઈ ચૂકી છે. તેમાં સંખ્યાબંધ સંસ્કૃતિઓ તથા દેશોનો નાશ થયો છે.
• આ ખૌફનાક રાક્ષસો ન હોત તો માનવસમાજ અત્યાર કરતાં અનેકગણો બહેતર હોત, પણ એ રાક્ષસોનો સમય પુરો થઈ ગયો છે. મને આશા છે કે આ સમેલનનું બ્યુગલ તમામ પ્રકારની કટ્ટરતા, હઠધર્મિતા અને દુઃખોનો વિનાશ કરશે. એ વિનાશ ભલે તલવાર વડે થાય કે કલમ વડે.
વિશ્વના માનસપટ ઉપર સ્વામી વિવેકાનંદ દ્વારા ભારતની છાપ અંકિત કરી હતી. તેમણે ભારતીયો અને વિદેશીઓને પ્રેમ અને ભાઈચારાથી રહેવાની સૂચના આપી હતી. સ્વામી વિવેકાનંદ વિશે, સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું કે 'સ્વામીજીએ દક્ષિણ અને પૂર્વને જોડ્યું છે, ધર્મ અને વિજ્ઞાનને જોડ્યું છે, વર્તમાન અને ભૂતકાળને જોડ્યું છે. આ બધા કારણોસર તે મહાન છે. દેશના લોકોને તેમના ઉપદેશોથી વધુ જ્ઞાન અને હિંમત મળી છે. '

## REFERENCES

**[1] BBC NEWS** https://www.bbc.com/gujarati/india-42659801
**[2] Wikipedia**
https://gu.wikipedia.org/wiki/%E0%AA%B8%E0%AB%8D%E0%AA%B5%E0%AA%BE%E0%AA%AE%E0%AB%80_%E0%AA%B5%E0%AA%BF%E0%AA%B5%E0%AB%87%E0%AA%95%E0%AA%BE%E0%AA%A8%E0%AA%82%E0%AA%A6